તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૧૬, શુક્રવાર ; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## બિહારમાં માંઝીના કાફલા પર હુમલો

પટણા,તા. ૨૬

બિહારના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન જીતનરામ માંઝીના કાફલા પર ગયામાં આજે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં જીતન રામ માંઝીનો સહેજમાં બચાવ થયો હતો. તેમને કોઈ ઈજા થઈ ન હતી. તેમનો કાફલો હાલમાં લોક જનશક્તિ પાર્ટીના નેતા સુદેશ પાસવાન અને તેમના ભાઈ સુનિલ પાસવાન પર હુમલો કરીને તેમને મોતને ઘાટ ઉતારી દીધા બાદ તેમના પરિવારના સભ્યોને મળવા માટે જઈ રહ્યો હતો. માઝી મળવા માટે ગયા જઈ રહ્યા હતા. સુદેશ પાસવાન અને સુનિલ પાસવાનની ગોળી મારીને હત્યા કરવામાં આવ્યા બાદ આ બનાવના વિરોધમાં જોરદાર દેખાવ લોકો કરી રહ્યા હતા.

# તબીબોની નિવૃત્તિ વય ૬૫ વર્ષ કરાઈ

### સહારનપુરમાં રેલી કરી મોદીએ કામગીરીનો હિસાબ આપ્યો : મોદી સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિશાળ રેલીમાં વરિષ્ઠ નેતાઓની હાજરીમાં લોકો ઉમટી પડ્યા : ૧૨૫ કરોડ ભારતીયની સેવા કરવા કટિબદ્ધતા

સહારનપુર,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે સત્તામાં બે વર્ષ પૂર્ણ કરી લીધા હતા. સત્તામાં બે વર્ષ પુરા કરી લીધા બાદ મોદીએ આજે ઉત્તર પ્રદેશના સહારનપુરમાં મહાકાય રેલી યોજી હતી જેમાં મોદીએ પોતાની સરકારની સિદ્ધિઓની રુપરેખા રજૂ કરી હતી અને કહ્યું હતું કે, તેમની સરકાર સંપૂર્ણપણે ગરીબો સાથે જોડાયેલી સરકાર છે. મોદીએ સહારનપુર રેલીથી આ કાર્યક્રમો અને યુપીમાં મિશન ૨૬૫ની શરૂઆત કરી દીધી હતી. સરસવા એરફોર્સ સ્ટેશન નજીક આયોજિત ભવ્ય રેલીમાં મોદીએ નિવેદન કરતા કહ્યું હતું કે તેઓ ભારતના ૧૨૫ કરોડ લોકોની સેવા કરવા કટિબદ્ધ છે અને સેવા કરતા રહેશે. તેમણે કહ્યું હતું કે, તેઓ છેલ્લા બે વર્ષમાં તેમની કામગીરીનો હિસાબ આપવા માટે આવ્યા છે. ભારતના ઈતિહાસમાં ક્યારે પણ કોઈ સરકારે આ પ્રકારે તેની કામગીરીનો હિસાબ આપ્યો નથી. તેમની કામગીરી ઉપર વિરોધ પક્ષો પણ ઝીણવટભરી નજર રાખી રહ્યા છે જે ખુબ સારી બાબત છે પરંતુ તેઓ લોકોની સેવા કરવાના પડકાર સાથે આગળ વધી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર મત એકત્રિત કરવા સાથે જોડાયેલી સરકાર નથી. દેશના એક કરોડ લોકો જો ગેસ સબસિડી છોડી શકે છે તો દેશના તબીબ પણ ૧૨ મહિનામાં બાર દિવસ ગરીબ પ્રસુતા માતાઓને આપી શકે છે. મોદીએ આજે પોતાના સંબોધનમાં જાહેરાત કરી હતી કે, તબીબોની નિવૃત્તિ વય તેઓ વધારીને



૬૫ વર્ષ કરી રહ્યા છે. આ સંદર્ભમાં ટૂંક સમયમાં જ જરૂરી જાહેરાત કરવામાં આવશે. મોદીએ કહ્યું હતુ કે, દેશના લોકોની સેવા કરવા માટે તેમની સરકાર જોડાયેલી છે. તેમની સરકારમાં રહેલા પ્રધાનો આગામી દિવસોમાં લોકોની વચ્ચે જઈને સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓની માહિતી આપશે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં તબીબોની અછત દેખાઈ રહી છે તે બાબતને ધ્યાનમાં લઈને આ તબીબોની લાંબાગાળા સુધી સેવા લઈ શકાય તે હેતુસર તબીબોની નિવૃત્તિ વય વધારીને ૬૫ વર્ષ કરવામાં આવી રહી છે. રેલીનું આયોજન સરકારની બે વર્ષની વર્ષગાંઠ ઉપર કરવામાં આવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, કેબિનેટ સરકારી તબીબોની નિવૃત્તિ વય વધારવાની યોજના ધરાવે છે. તબીબોને એક વર્ષમાં ૧૨ દિવસ આપવા મોદીએ અપીલ કરી હતી.





આજે ઓડિશન

સીલ્વર સ્ટેપર પ્રેઝન્ટ કીડ્સ ફેશન-શો એન્ડ ડાન્સ કોમ્પીટીશનનું ઓડિશન આજ રોજ સાંજે ૫ થી ૮ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે. (ફોર્મ સ્થળ પર મળી રહેશે.)

હોટલ મિડ-વે

૧૦મો માળ, સીને મેક્સની ઉપર, સુમન સીટી, સેક્ટર-૧૧, ગાંધીનગર

વધુ માહિતી માટે

૭૦૪૬૪૪૬૧૧૨, ૯૭૧૨૯૪૩૭૪૦, ૯૯૦૪૦૧૩૪૬૮

નોંધ : ફાઈનલ તા. ૨૯/૫/૨૦૧૬ સાંજે ૮ થી ૧ ટાઉનહોલમાં રાખેલ છે.


# ક્યાં ગઈ છપ્પનની છાતી : સિબ્બલ

### સરકારના બે વર્ષની સામે કોંગ્રેસનું પ્રેઝન્ટેશન : સરકારની ઉજવણી સામે કોંગ્રેસના ટોચના નેતાઓ એક મંચ પર આવ્યા : સરકારની નિષ્ફળતાઓ પર તીવ્ર પ્રહાર

નવી દિલ્હી,તા. ૨૬

મોદી સરકારના બે વર્ષ પુરા થવા ઉપર મુખ્ય વિપક્ષ કોંગ્રેસે આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના ટોચના ચાર નેતાઓ દ્વારા આજે એક ખાસ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં મોદી સરકારની નિષ્ફળતાઓ એક ફિલ્મમાં કંડારી અર્થવ્યવસ્થા, વિદેશ નીતિ અને ઘરઆંગણે મોદી સરકારને મળેલી નિષ્ફળતાઓ સાથે એવો કટાક્ષ પણ કરવામાં આવ્યો હતો કે, ક્યાં ગઈ છપ્પની છાતી અને ક્યા ગયા એ રૂપિયા. કોંગ્રેસ દ્વારા મોદી સરકારની બે વર્ષ પુરા થવાના ઉપલક્ષ્યમાં તેમના નેતાઓ કપિલ સિબ્બલ, મલ્લિકાર્જુન ખડગે,

● અનુસંધાન પાન-૭ પર











## જમ્મુ-કાશ્મીરમાં સૈન્ય-આતંકી સાથે અથડામણ

શ્રીનગર,તા. ૨૬

ઉત્તર કાશ્મીરના કુપવારા જિલ્લાના નવગામમાં સરહદ પારથી ઘુસણખોરી કરવાના એક મોટા પ્રયાસને નિષ્ફળ કરવામાં સેનાને સફળતા મળી છે. સેનાએ બે આતંકવાદીઓને ઠાર માર્યા છે.

સેનાના અધિકારીક સૂત્રોના જણાવ્યા મુજબ એલઓસી ઉપર તૈનાત કરવામાં આવેલા જવાનોએ સવારે પાંચથી છ આતંકવાદીઓના એક જૂથને જોયુ કે જે નવગામ સેક્ટરના ટુટમારી ગલીની નજીક આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.


